# પ્રશ્નબેંક

# વિષય – પર્યાવરણ

## પ્રથમ સત્ર

## પ્રકરણ :1 થી 5

વર્ષ : 2025-26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ : 4

| Sr. No. | Learning Outcomes | વિધાન | Page No. |
| --- | --- | --- | --- |
| 1 | EV407 | ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુઓ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે.( જેમ કે પરિવહન ચલણ, રહેઠાણ, સામગ્રી, સાધનો, કૌશલ્ય, ખેતી, બાંધકામ વગેરે) | 3 |
| 2 | EV402 | પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલી વિવિધતાઓને ઓળખે છે.( જેમ કે ચાંચ / દાંત, પંજો, કાન, વાળ, માળો / રહેઠાણ વગેરે ) | 13 |
| 3 | EV408 | અવલોકનક્ષમ લક્ષણોના આધારે પ્રાણી,પક્ષી,વનસ્પતિ,સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. (જેમ કે દેખાવ,કાન,વાળ, ચાંચ/દાંત, ચામડી અને શરીરની સપાટી )પ્રાણી (પાલતું,જંગલી) વનસ્પતિ (ફળ,શાક,કઠોળતેજાના અને ખોરાકનો જીવનકાળ / ટકાઉપણું ) ઉપયોગ ( ખાધ્ય ,ઔષધિય , સુશોભન , અન્ય અને પુન: ઉપયોગ) લાક્ષણિકતાઓ ( ગંધ,સ્વાદ,ગમો-અણગમો વગેરે) | 19 |
| 4 | EV404 | મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (જેમ કે કીડી, માખી,હાથી વગેરે) અને માળો બાંધતાં પક્ષીઓનાં વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવ કુટુંબમાં થતાફેરફારોને સમજાવે છે. | 25 |
| 5 | EV413 | સ્થાનિક અને બિનઉપયોગી વસ્તુઓના ઉપયોગથી કોલાઝ,ડીઝાઇન,મોડેલ્સ, રંગોળી, પોસ્ટર્સ, આલ્બમ અને સદા નકશા ( શાળા તથા આસપાસના વિસ્તારના) બનાવે છે. | 32 |
| 6 | EV401 | આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ, ફૂલ અને ફળોનાં લક્ષણોને સાદા ઓળખે છે. (જેમ કે આકાર, રંગ, યુગંધ, તે ક્યાં ઊગે છે તેમજ અન્ય બાબતો વગેરે.) | 33 |
| 7 | EV410 | પોતાનાં અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલાં સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે. | 39 |
| 8 | EV 404 | મોટાં કે નાના સમૂહમાં રહેતા પ્રાણીઓ (જેમ કે કીડી,માખી,હાથી વગેરે) અને માળો બાંધતા પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ,લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતાં ફેરફારોને સમજાવે છે. | 41 |

| | | | |
|---|---|---|---|
| **9** | EV 405 | રોજિંદા જીવનમાં (ખેતી,બાંધકામ,કલા,હસ્તકલા વગેરે ) કૌશલ્યનું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓની ભૂમિકા)નું મહત્ત્વ  વર્ણવે છે. | **45** |
| **10** | EV 414 | જોયેલી અને અનુભવેલી (શાળા/પરિવાર/પડોશની) બાબતો (જેમ કે પસંદગી , નિર્ણય , સમસ્યા નિવારણ વગેરે ) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ / મધ્યાહ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવો, બાળ અધિકારો (જેમ કે શાળાએ જવું, બાળઅપમાન, સજા, બાળમજૂરી વગેરે), સ્પર્શ  (સારો કે ખરાબ ) અંગે અભિપ્રાય આપે છે. | **47** |

C-2.1 પોતાના જીવનને આધારરૂપ બનતી કુદરતી અને માનવનિર્મિત સંરચનાઓને સમજે છે.(પાણીની વહેંચણી, જલચક્ર, નદીના પ્રવાહનું તંત્ર, ઋતુઓ, વનસ્પતિ અને પ્રાણીઓનું જીવનચક્ર, ખોરાક, ઘર ઉપયોગી વસ્તુઓ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વિદ્યુત) સમજે છે.

C-4.7 સામાજિક અને વર્તનવ્યવહારનાં મૂળભૂત ધોરણો, મૂલ્યો અને મનોઝોક વિશે શીખે, જે આપના સામાજિક અને નૈસર્ગિક પર્યાવરણને લાભ આપે જે આપણા સમાજને સરળ રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. આવાં મૂળભૂત વર્તનોમાં કચરાપેટીનો ઉપયોગ કરવો, કતારમાં ઉભા રહેવું, પાણીનું સંરક્ષણ કરવું, જાહેર પરિવહનનો ઉપયોગ કરવો, પોતાનું પર્યાવરણ સ્વચ્છ રાખવું, પૃષ્ઠભૂમિ(Background)ની પરવા કર્યા વગર હંમેશા અન્ય લોકોને મદદ કરવી વગેરેનો સમાવેશ થાય છે.

EV407 ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુઓ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે.( જેમ કે પરિવહન ચલણ, રહેઠાણ, સામગ્રી, સાધનો, કૌશલ્ય, ખેતી, બાંધકામ વગેરે)

# હેતુલક્ષી પ્રશ્નો

## યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) પુલ બનાવવા માટે નીચેનામાંથી કઈ સામગ્રી વપરાય છે?

(A) કાપડ, રેતી, સિમેન્ટ

(B) રેતી, લાકડું, દોરડું

(C) રેતી, સિમેન્ટ, પથ્થર

(D) માટી,વાયર,પથ્થર

(2) કઈ સામગ્રીનો પુલ વધારે મજબૂત હોય છે?

(A) સિમેન્ટ-લોખંડનો

(B) દોરડાનો

(C) લાકડાનો

(D) વાંસનો

(3) બેટ દ્વારકાનાં બાળકો શાળાએ જવા શાનો ઉપયોગ કરે છે?

(A) સાઈકલ (B) બસ (C) હોડી (D) સ્કૂટર

(4) બેટ દ્વારકા ક્યાં આવેલું છે?

(A) દરિયાથી દૂર (B) દરિયાની વચ્ચે (C) તળાવ કિનારે (D) નદી કિનારે

(5) રણપ્રદેશમાં ચારે બાજુ શું જોવા મળે છે?

(A) પાણી (B) ઘાસ (C) રેતી (D) કપચી

(6) સાર્થકભાઈ રણપ્રદેશમાં રહે છે. તે શાળાએ જવા શાનો ઉપયોગ કરતા હશે?

(A) બળદગાડાનો (B) ઊંટગાડીનો (C) ઘોડાગાડીનો (D) સાયકલનો

(7) ગુજરાતમાં કયા વિસ્તારના બાળકો જંગલમાંથી પસાર થઈને શાળાએ જાય છે?

(A) ગીર (B) અમદાવાદ (C) બેટ દ્વારકા (D)કચ્છ

(8) બળદગાડામાં મુસાફરી કરતી વખતે વરસાદ હોય ત્યારે બાળકો તેનાથી બચવા શેનો ઉપયોગ કરે છે?

(A) રૂમાલ (B) છત્રી (C) ઓઢણી. (D) સ્વેટર

(9) કેદાર સ્કૂલ બસમાં બેસીને અભ્યાસ કરવા માટે જાય છે તે બસનો રંગ કેવો હશે?

(A) સફેદ (B) વાદળી (C) પીળો (D) કાળો

(10) દિવ્યાંગ વ્યક્તિ ચાલી શકતી નથી. તે શાળામાં અવર-જવર કરવા માટે નીચેના પૈકી કયા સાધનનો ઉપયોગ કરશે?

(A) સ્કૂટર (B) વ્હીલ ચેર (C) બસ (D) જીપ

(11) નદી અથવા ખીણની સામેની બાજુ જવા કેવા પ્રકારના વાહનનો ઉપયોગ થાય છે?

(A) બસ (B) ઉડનખટોલા (C) ટ્રેન (D) સાયકલ

(12) ગુજરાતમાં ઉડન ખટોલાની સુવિધા નીચેના પૈકી ક્યાં જોવા મળે છે?

(A) પાવાગઢ, સાપુતારા, અમદાવાદ

(B) અંબાજી, ગિરનાર, વડોદરા

(C) અંબાજી, ગિરનાર, પાવાગઢ

(D) પાવાગઢ, અંબાજી, ચોટીલા

(13) ભારતના કયા રાજ્યમાં બાળકો ઉડન ખટોલાની મદદથી શાળાએ જાય છે?

(A) અસમ (B) પંજાબ (C)ઉત્તર પ્રદેશ (D) જમ્મુ કાશ્મીર

(14) નીચેનામાંથી કયા રાજ્યમાં ખૂબ વરસાદના કારણે ગામ લોકો વાંસના પુલનો ઉપયોગ કરે છે?

(A) ગુજરાત (B) પંજાબ (C) અસમ (D) રાજસ્થાન

(15) માનવશક્તિથી ચાલતા વાહનનું નામ લખો.

(A) બસ (B) બાઈક (C) સાઈકલ (D) સ્ટીમર

(16) પૈડાં વગરના વાહનનું નામ જણાવો.

(A) બાઈક (B) રિક્ષા (C) હોડી (D) બસ

(17) પ્રાણીશક્તિથી ચાલતા વાહનનું નામ જણાવો.

(A) છકડો (B) ઘોડાગાડી (C) ટ્રક (D) જીપ

(18) નીચેનામાંથી કયું પરિવહનનું સાધન ભૂતકાળ અને વર્તમાન બંને સમયમાં પર્યાવરણને અનુકૂળ છે?(HOT)

(A) સાયકલ (B) ખાનગી કાર (C) ડીઝલ બસ (D) મોટરબાઇક

જવાબ:(A) સાયકલ

(19) તમે તમારા ખેતરેથી બળદગાડામાં શાળાએ જાવ છો, અને તમારો મિત્ર જેસલમેરથી ઊંટગાડીમાં શાળાએ જાય છે, તો તમારા બંનેની મુસાફરીમાં મુખ્ય તફાવત શું હશે? (HOT)

(A) તમારા મિત્રની મુસાફરી વધુ ઝડપી હશે.

(B) તમે પાણીમાં મુસાફરી કરશો અને તમારો મિત્ર રણમાં

(C) તમારા મિત્રની મુસાફરી રણમાં હશે અને તમારી મુસાફરી રસ્તા પર

(D) બંનેની મુસાફરી ખૂબ ઝડપી હશે.

(20) જો તમે નદી કિનારે રહેતા હો અને શાળાએ જવા માટે જળમાર્ગનો ઉપયોગ કરવો હોય, તો કયો વિકલ્પ પર્યાવરણને સૌથી વધુ અનુકૂળ હશે? (HOT)

(A) મોટરબોટ (B) હોડી (હેલેસા વાળી) (C) ડીઝલ બોટ (D) વિમાન

(21) નીચેના પૈકી કયું પરિવહનનું સાધન પશુપાલન આધારિત છે? (HOT) (HOT)

(A) બાઇસિકલ (B) બળદગાડું (C) મોટરસાયકલ (D) બસ

(22) જો તમે શાળાએ જવા માટે ભૂતકાળના પરિવહનના સાધનોને આધુનિક બનાવવા માંગો, તો નીચેનામાંથી કયો વિકલ્પ સૌથી વધુ પર્યાવરણને અનુકૂળ હશે?(HOT)

(A) બળદગાડાને ડીઝલ એન્જિનથી બદલવું

(B) ઊંટગાડાને ઇલેક્ટ્રિક મોટરથી ચલાવવું

(C) સાયકલને સોલર ઊર્જાથી ચલાવવી

(D) હોડીમાં પેટ્રોલ એન્જિન લગાવવું

## યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) રણપ્રદેશમાં બધે..........જોવા મળે છે. (રેતી, પાણી, મીઠું)

(2) નદી ઉપર.......... બાંધીને તેના પરથી પસાર થઈ શકાય.(પૂલ, મકાન, દોરડું)

(3) તમને બળદગાડા............. માં વધુ જોવા મળે છે.(ગામડા, શહેર, રણપ્રદેશ)

(4) બળદગાડું:ગામડું, હોડી :.........(જંગલ, રણ, નદી)

(5) વૈદેહી દિવ્યાંગ હોવાથી.........ની મદદથી જાતે શાળાએ આવે છે.(સાઈકલ, વ્હીલચેર, રિક્ષા)

(6) પાણીમાં મુસાફરી કરવા..........નો ઉપયોગ થાય છે.(સ્કૂટર, હોડી, રીક્ષા)

(7) ઉડન ખટોલામાં ટ્રોલીને દોરડા પર .......... ની મદદથી ખસેડવામાં આવે છે.(પિન, ગરગડી, રીંગ)

(8) રણપ્રદેશમાં મુસાફરી માટે ................વાહનનો ઉપયોગ થાય છે. (ઊંટગાડી, ઘોડાગાડી, બળદગાડું)

(9) મોટા શહેરમાં શાળા ઘરથી દૂર હોય તો બાળકો .........નો ઉપયોગ કરે છે.(સ્કૂલબસ, હોડી, બળદગાડું)

(10) .........ને રણનું જહાજ કહે છે.(બળદ, ગધેડા, ઊંટ)

(11) તમે દ્વારકાથી બેટ દ્વારકા જવા........... માં મુસાફરી કરશો. (હોડી, ઘોડાગાડી, વિમાન)

## ખરાં વિધાનની સામે(√) અને ખોટા વિધાનની સામે (X)ની નિશાની કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 અમારી શાળાનાં બધાં જ બાળકો એક સરખી રીતે શાળાએ આવે છે.

2 આપણા દેશનાં દરેક વિસ્તારોમાં શાળામાં જવું ખૂબ જ સરળ છે.

3 વિસ્તાર પ્રમાણે બાળકોના શાળાએ જવાની રીત કે વાહનનો પ્રકાર અલગ અલગ છે.

4 નદીને પાર કરવા માટે નદી પર પુલ બાંધવામાં આવે છે.

5 રેલમાર્ગ માટે પણ પુલની આવશ્યકતા હોય છે.

6 પુલને પગથિયાં પણ હોય છે.

7 રણપ્રદેશની રેતી ઝડપથી ગરમ થઈ જાય છે.

8 શાળામાં સાયકલ લઈને પણ જવાય.

9 સાઈકલની મદદથી છોકરીઓ દૂરની શાળાઓમાં પણ સરળતાથી જઈ શકે છે.

10 ડુંગરાળ વિસ્તારનાં બાળકોને પથરાળ રસ્તા ઉપર ચડતાં-ઉતરતાં બીક લાગે છે.

11 બેટ દ્વારકાના વિસ્તારમાં બાળકો હોડીમાં બેસીને શાળાએ જાય છે.

12 લદાખ વિસ્તારમાં ઘણાં બાળકો ટ્રોલીમાં બેસીને શાળાએ જાય છે.

13 ગાંધીનગર શહેરના બાળકો શાળાએ જવા સ્કૂલબસ કે રિક્ષાનો ઉપયોગ કરે છે.

14 રણની રેતીમાં ઊંટ સહેલાઈથી ચાલી શકતું નથી.

15 આપણે દરરોજ શાળાએ જવું જોઈએ.

## જોડાકાં જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1

| A | B |
|---|---|
| 1 શહેરી વિસ્તાર | A ચાલીને |
| 2 દરિયાઈ વિસ્તાર | B ઊંટગાડી |
| 3 જંગલ વિસ્તાર | C બસ |
| 4 રણ વિસ્તાર | D ઉડન ખટોલા |
| 5 પહાડી વિસ્તાર | E હોડીમાં |

2

| A | B |
|---|---|
| 1 સ્ટીમર | A બે ડુંગર વચ્ચેની ખીણ પસાર કરવા |
| 2 પુલ | B પાણીવાળા વિસ્તારમાં મુસાફરી કરવા |
| 3 ઉડન ખટોલા | C સમુદ્ર માર્ગે માલ-સામાનની હેરફેર કરવા |
| 4 હોડી | D નદી પરથી વાહનોની અવરજવર કરવામાં |

## મને ઓળખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 મારો માર્ગ લોખંડનાં  દોરડાનો બનેલો છે.

2 મારો માર્ગ લોખંડનાં પાટાનો બનેલો છે.

## વર્ગીકરણ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(હોડી, બળદગાડું, સ્ટીમર, સાઈકલ, રિક્ષા, તરાપો)

| પાણીમાં ચાલતા વાહનો | જમીન પર ચાલતા વાહનો |
|---|---|
| | |

## શબ્દો છેકીને વાક્ય સાચું બનાવો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 સિમેન્ટનો પુલ **ડુંગરા/નદી /રણ** ઉપર બનાવવામાં આવે છે.

2 વ્હીલચેરનો ઉપયોગ **અંધ /મૂકબધીર/ અપંગ** દ્વારા થાય છે.

3 ઊંટનો ઉપયોગ **રણપ્રદેશ/ નદી/ તળાવમાં** થાય છે.

4 સ્કૂલબસ **લાલ/લીલા/ પીળા** રંગની હોય છે.

5 તમારા દાદા તેમના બાળપણમાં મુસાફરી માટે **બાઈક/ બળદગાડું /કાર નો** ઉપયોગ કરતા હતા.

6 પહેલાંના જમાનામાં નદી ઓળંગવા માટે **તરાપો/ સ્ટીમર/સબમરીન**નો ઉપયોગ થતો હતો.

7 રૂચન જયપુરથી અમદાવાદ ઝડપથી જવા માટે **ઊંટગાડી/મોટરકાર/બળદગાડા**માં મુસાફરી કરશે.

8 માલસામાનની હેરાફેરી માટે **ટ્રક/ બસ/બાઇક**નો ઉપયોગ થાય છે.

9 વ્હીલચેરનો ઉપયોગ **આંખની ખામી/પગની ખામી/હાથની ખામી** વાળા લોકો કરે છે.

# ટૂંક જવાબી પ્રશ્નો

## એક વાક્યમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 તમે શાળામાં કેવી રીતે જાવ છો?

2 શહેરમાં શાળાએ જવા માટે બાળકો કયા કયા વાહનોનો ઉપયોગ કરે છે?

3 નદી પાર કરવા માટે તેના પર શું બનાવવામાં આવે છે?

4 પુલ બનાવવા માટે કઈ કઈ સામગ્રીનો ઉપયોગ થાય છે?

5 બેટ દ્વારકાના બાળકો શાળાએ જવા માટે શાનો ઉપયોગ કરે છે?

6 શું તમે હોડીમાં બેઠા છો? તમને કેવો અનુભવ થયો?

7 રણપ્રદેશનાં બાળકો કયા વાહનમાં બેસી શાળાએ જાય છે?

8 એવું કયું પ્રાણી છે જે રણમાં સરળતાથી ચાલી શકે છે?

9 બળદગાડામાં શાળાએ જતાં બાળકો વરસાદથી બચવા શાનો ઉપયોગ કરે છે?

10 ડુંગરની ટેકરી ઉપરના રસ્તાઓ કેવા હોય છે?

11 પાયલ દિવ્યાંગ છે તો શાળાએ કયા સાધનની મદદથી આવશે?

12 પાવાગઢ અને અંબાજીમાં તળેટીથી ટોચ પર પહોંચવા શાની વ્યવસ્થા છે?

13 ઉડન ખટોલા એટલે શું? (HOT)

14 કઈ કઈ જગ્યાએ વાહનો સરળતાથી જઈ શકતા નથી?

15 ડુંગરાળ વિસ્તારમાં રહેતાં બાળકો કેવી રીતે શાળાએ જાય છે?

16 મૂકબધિર બાળકોને કઈ કઈ મુશ્કેલીઓ પડતી હશે?

17 દિવ્યાંગ બાળકને કેવી મુશ્કેલી પડતી હશે?

## ટૂંકમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1 તમારી શાળામાં બાળકો કેવી કેવી રીતે આવે છે?

2 જો પૂલ ન હોય તો કેવી મુશ્કેલીઓ પડે?

5 જંગલમાંથી પસાર થતાં તમારે કઈ કઈ કાળજી રાખવી પડશે?

6 ડુંગરની ટેકરી ઉપર રહેતાં બાળકોને શાળાએ જતાં કેવી કેવી મુશ્કેલી અનુભવાય છે?

7 રોપવેની વ્યવસ્થા કેવાં સ્થળોએ કરવામાં આવે છે? ગુજરાતના કયાં સ્થળોએ રોપવેની વ્યવસ્થા છે?

8 જે લોકો જોઈ શકતા નથી તેઓ રસ્તો કેવી પાર કરતા હશે?

9 અંધ વ્યક્તિ (પ્રજ્ઞાચક્ષુ) શાળાએ કેવી રીતે જતા હશે?

10 દિવ્યાંગ વ્યક્તિમાં કેવા કેવા પ્રકારની વિકલાંગતા જોવા મળે છે?

11 મૂકબધિર વ્યક્તિ પોતાની વાત કેવી રીતે રજૂ કરે છે?

12 અંધ વ્યક્તિને આપણે શાળાએ જવા કેવી રીતે મદદ કરી શકીએ?

# વિસ્તૃત જવાબી પ્રશ્નો

## વિસ્તૃત જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1 જંગલમાંથી પસાર થતાં તમારે કઈ કઈ કાળજી રાખવી પડશે?

2 ડુંગરની ટેકરી ઉપર રહેતાં બાળકોને શાળાએ જતાં કેવી કેવી મુશ્કેલી અનુભવાય છે?

3 વધુ વરસાદ પડતો હોય તેવા વિસ્તારમાં બાળકોને શાળામાં જવામાં કેવી કેવી મુશ્કેલી પડતી હશે?

4 ખેડૂતો ખેતર ખેડવા માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરતા હોય છે. આ સિવાય તેના બીજા કયા કયા ઉપયોગ થઈ શકે?

## કારણો આપો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1 સાર્થક શાળામાં રિક્ષામાં બેસીને આવે છે.

2 મંથન હોડીમાં બેસીને શાળાએ જાય છે.

3 રિપલને શાળાએ જતા વિવિધ પ્રાણીઓના અવાજ સંભળાય છે.

4 ઊંટને રણનું જહાજ કહે છે.

5 જંગલમાંથી પસાર થતા ઘણી સાવધાની રાખવી પડે છે

**નીચે આપેલા ચિત્રના આધારે 3 થી 4 વાક્યો બનાવો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)**

| ચિત્ર 1 | ચિત્ર 2 |
|---|---|
|  |  |

**શબ્દ ચોરસમાંથી નીચેના પ્રશ્નોના જવાબો શોધો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કા | મા | વિ | ના | જા | ત | રા |
| મા | ચિ | નિ | વ | વ | જા | ર |
| પા | સ | ઊં | વ્હી | લ | ચે | ક્ષુ |
| સ | તિ | લ | ટ | કે | યા | લી |
| ય | ઉ | ડ | ન | ખ | ટો | લા |
| હો | સ | ક | મ | મી | લા | યા |
| ટ | ડી | સા | કા | ક | પી | લ |
| લ | જા | ડી | ન | રા | ળો | ર |

1 રણનું વાહન કોને કહે છે?

2 નદી પાર કરવા માટે કયા વાહનનો ઉપયોગ થાય છે?

3 પાવાગઢ ડુંગર ઉપર જવા માટે શેનો ઉપયોગ થાય છે?

4 કઈ શારીરિક ખામી ધરાવતી વ્યક્તિ બ્રેઇલ લિપિનો ઉપયોગ કરે છે?

5 સ્કૂલ બસનો રંગ કેવો હોય છે?

## વર્ણનાત્મક પ્રશ્નો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. તમે ક્યારેય એવું જોયું છે કે એક જ ગામના બાળકો અલગ-અલગ વાહનો વડે શાળાએ પહોંચે છે? તેના શું કારણો હોઈ શકે?(HOT)
2. ભૂતકાળમાં બાળકો શાળાએ કઈ રીતે જતા હતા અને આજે કઈ રીતે જાય છે? બંને વચ્ચેના તફાવતને તમારું પોતાનું ઉદાહરણ આપી સમજાવો. (HOT)
3. કોઈ દુર્ગમ વિસ્તારના બાળકના શાળાએ પહોંચવાની યાત્રાની કલ્પના કરો અને તેની વાત કહો – તેને કેટલી મુશ્કેલીઓ પડતી હોય શકે? (HOT)
4. જો તમારું ઘર નદીના કિનારેહોય અને તમારે નાવ દ્વારા શાળાએ જવું પડતું હોય, તો શાળાએ જવામાં કઈ કઈ તકલીફો આવતી હોત? (HOT)
5. સામાન્ય માર્ગેથી આવેલા બાળક અને પર્વતીય વિસ્તારમાંથી આવેલ બાળકના શાળાએ પહોંચવાના અનુભવમાં શું તફાવત હોઈ શકે? બંનેની સ્થિતિ તુલનાત્મક રીતે વર્ણવો. (HOT)

**C-1.5 વર્ગખંડની પ્રક્રિયાઓમાં પ્રદર્શન અથવા ઉપયોગ માટે પોતાની જાતે સાદી વસ્તુઓ (કુટુંબ, વૃક્ષ, પરબિડીયું, ઓરિગામી પ્રાણીઓ) બનાવવા માટે સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરે છે.**

**C-3.1 માનવ, પ્રાણી અને પક્ષીઓની પ્રાથમિક સુરક્ષા અને સંરક્ષણ (સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, ખોરાક-પાણી, રહેઠાણ, સાવચેતી, આકસ્મિક પરિસ્થિતિ અંગે જાગૃતતા, અયોગ્ય વર્તન તેમજ અસલામત પરિસ્થિતિ) નું વર્ણન કરે છે.**

**C-4.1 પોતાના સ્થાનિક પર્યાવરણમાં વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓ વચ્ચે રહેલ વિવિધતા (આકાર, અવાજ, ખોરાકની ટેવો,વૃધ્ધિ, રહેઠાણ વગેરે)નું અવલોકન અને તેનું વર્ણન કરે છે.**

**C-4.5 વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓની જરુરીયાતો ( ખોરાક, પાણી,રહેઠાણ, કાળજી ) ને ઓળખે તથા તેમને કેવી રીતે સહાય કરી શકાય તે સમજી શકે છે.**

**EV402- પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલી વિવિધતાઓને ઓળખે છે.( જેમ કે ચાંચ / દાંત, પંજો, કાન, વાળ, માળો / રહેઠાણ વગેરે )**

# હેતુલક્ષી પ્રશ્નો

## યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 સૌથી મોટા કાન ધરાવતું પ્રાણી કયું છે?

1 ઉંદર 2 હાથી 3 વાંદરો 4 ગાય

(A) 1 અને 4 (B) માત્ર 2 (C) 2 અને 4 (D) માત્ર 3

2 કયા પ્રાણીના કાન આપણે જોઈ શકીએ છીએ?

(A) ચકલી, ભેંસ, પોપટ (B) ગાય, દેડકો, ખીસકોલી

(C) ગરોળી, માખી, ગાય (D) ગાય, ઉંટ, ચામાચીડીયું

3 નીચેનામાંથી કયા પ્રાણીઓના શરીર પર વાળ હોતા નથી ?

1 સાપ 2 વાઘ 3 ચકલી 4 ઉંદર

(A) 2 અને 4 (B)1 અને 2 (C) 1 અને 3 (D) 3 અને 4

4 નીચેનામાંથી કયા પ્રાણીને તેમના માથાંની ટોચ પર કાન હોય છે?

(1) બકરી (2) સસલું (3) બળદ (4) કાંગારૂ

(A) માત્ર 2 (B) 1 અને 2 (C) 3 અને 4 (D) 2 અને 4

5 નીચે આપેલા પ્રાણીઓમાંથી કયા પ્રાણીનાં કાન તમે જોઇ શકો છો?

(A) માછલી-સાપ (B) કાગડો-કીડી (C) બિલાડી-વાઘ (D) બતક-દેડકો

6 કયા પ્રાણીના શરીર પર વાળ હોય છે?

(1) દેડકો (2) મરઘી (3) ભૂંડ (4) ગરોળી

(અ) માત્ર 3 (બ) 1 અને 3 (ક) 2 અને 4 (ડ) માત્ર 4

7 આપણું રાષ્ટ્રીય પ્રાણી કયું છે?

(A) ગાય (B) સિંહ (C) દિપડો (D) વાઘ

8 નીચેનામાંથી કયાં પ્રાણીઓનાં જૂથના કાન નાનાં કાણાં સ્વરૂપે હોય છે?

(A) વાંદરો-કૂતરો (B) ગરોળી-બિલાડી (C) મગર-પોપટ (D) સાપ-ઉંદર

9 આપેલા પૈકી કયા પ્રાણીના કાન સૌથી મોટા હોય છે?

(A) વાંદરો (B) મોર (C) મગર (D) હરણ

10 ગાય માટે કયું વિધાન સાચું નથી?

(A) ઘાસ ખાય છે. (B) કાન હોતા નથી. (C) બચ્ચાને જન્મ આપે છે. (D) દૂધ આપે છે.

11 સિંહ માટે કયું વિધાન સાચું નથી.

(A) માંસાહારી છે. (B) હોઠથી પાણી પીએ છે. (C) ગુજરાતમાં જોવા મળે છે. (D) શરીર પર વાળ હોય છે.

12 મોર માટે કયું વિધાન યોગ્ય નથી ?

(A) તે બચ્ચાને જન્મ આપે છે. (B) રાષ્ટ્રીય પક્ષી છે.

(C) રંગબેરંગી પીછાં છે. (D) દાણા ખાય છે.

13 ચામાચિડીયા માટે નીચેના પૈકી શું સાચું નથી?

(A) ઇંડા મૂકે છે. (B) પાંખો હોય છે. (C) બચ્ચાને જન્મ આપે છે. (D) કાન હોય છે.

14 એક વિદ્યાર્થીએ તેની નોટબુકમાં એક પ્રાણી વિશે નીચેના વિધાનો લખ્યાં છે. વિધાનો વાંચો અને કહો કે તે પ્રાણી કયું હશે?

1. તેની જીભ લાંબી છે.
2. તે જીભ વડે જંતુઓ પકડે છે.
3. તેનાં પાછળના પગ શક્તિશાળી હોવાથી કૂદી શકે છે.

(A)સસલું (B)ગરોળી (C) કાગડો (D) દેડકો

15 નીચેના પ્રાણીઓનો  નાનાંથી મોટાનાં ક્રમમાં યોગ્ય ક્રમ કયો છે.

ઉંદર, ગધેડું, કૂતરો, હાથી, ઊંટ, મચ્છર

(A) ઊંટ, હાથી, મચ્છર, કૂતરો, ઉંદર, ગધેડું

(B) મચ્છર, ઉંદર, કૂતરો, ગધેડું, ઊંટ, હાથી

(C) હાથી, ઊંટ, ગધેડું, કૂતરો, ઉંદર, મચ્છર

(D) મચ્છર, ઊંટ, હાથી, ઉંદર, કુતરો, ગધેડું

16 નીચેનામાંથી કયો પ્રાણી બચ્ચાને જન્મ આપે છે અને તેના શરીર પર વાળ હોય છે?(HOT)

(A) કાગડો  (B) બિલાડી  (C) સાપ  (D) મરઘી

17 ડોલ્ફિન પાણીમાં રહે છે, છતાં તેને માછલી નહિ કહી શકાય. એવું શા માટે? (HOT)

(A) ડોલ્ફિન ઉડી શકે છે

(B) ડોલ્ફિન ઇંડા મૂકે છે

(C) ડોલ્ફિન વાળ ધરાવે છે અને શ્વાસ માટે ફેફસાંનો ઉપયોગ કરે છે

(D) ડોલ્ફિનનું શરીર સૂકું રહે છે

18 એક પ્રાણી છે જે ઈંડા મૂકે છે, તેના કાન જોઈ શકાતા નથી, અને તેના શરીર પર પીંછા છે. આ પ્રાણી કયું હોઈ શકે?(HOT)

(A) વાંદરો  (B) ઘેટું  (C) બતક  (D) ઉંદર

## ખાલી જગ્યા પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. __________બચ્ચાંને જન્મ આપે છે. (પોપટ, ગરોળી, બકરી)
2. કબૂતરના શરીર પર__________હોય છે. (પીંછાં, વાળ, શિંગડા)
3. ભેંસના શરીર પર__________હોય છે. (પીંછાં, વાળ, પટ્ટા)
4. __________ને કાનની જગ્યાએ મીંડાં હોય છે. (મગર, વાઘ, ચામાંચીડિયું)
5. આપેલા પૈકી મોટા કાન__________ને હોય છે. (જીરાફ, હાથી, ગાય)
6. રંગબેરંગી પીંછાં__________ને હોય છે. (મોર, દરજીડો, પોપટ)
7. __________ચામડીનો રંગ બદલી શકે છે. (કાચિંડો, ખિસકોલી, ઉંદર)
8. પોપટને__________ચાંચ હોય છે. (લાલ, કાળી, લીલી)

## નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 માછલીનાં કાન આપણે જોઈ શકીએ છીએ.

2 જીરાફની માથાની ટોચ પર કાન હોય છે.

3 સાપના શરીર પર રૂંવાટી હોય છે.

4 કબૂતરની ચામડી પર પીંછાં હોય છે.

5 પ્રાણીઓના શરીરના વાળનાં કારણે ભાત (ડીઝાઈન) ઉપસે છે.

6 પક્ષીઓના કાન તેમના પીંછાંથી ઢંકાયેલા હોય છે.

7 જે પ્રાણીઓના કાન દેખાય છે, તેમના શરીર પર પીંછાં હોય છે.

8 મગરને કાન હોતા નથી.

9 જે પ્રાણીઓના કાન દેખાતા નથી, તેમના શરીર પર વાળ હોય છે.

10 હાથીને તેની ચામડી પર વાળ હોય છે.

## જોડકા જોડો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

| | | |
|---|---|---|
| 1) | ચામડી પર પટ્ટા | (a) કાચિંડો |
| 2) | ચામડી પર ટપકાં | (b) મગર |
| 3) | ખરબચડી ચામડી | (c) વાઘ |
| 4) | ચામડીનો રંગ બદલતું પ્રાણી | (d) ચિત્તો |

(A )1-a, 2-c, 3-d, 4-b

(B) 1-c, 2-d, 3-b, 4-a

(C) 1-b, 2-d, 3-c, 4-a

(D) 1-d, 2-a, 3-b, 4-c

## ખોટો શબ્દ છેકી વાક્ય સાચું બનાવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 **બિલાડી/સાપ/બતકના** કાન બહાર દેખાય છે.

2 **પોપટ/વાંદરા/હાથીની** કાનની જગ્યાએ કાણાં હોય છે.

3 **ગરોળી/ખીસકોલી/સસલાના** માથા પર નાનાં કાણાં હોય છે.

4 **ભેંસ/ઘોડા/બકરીના** કાન માથાની ટોચ ઉપર હોય છે.

5 **બકરી/હાથી/બળદના** કાન પંખા જેવા હોય છે.

6 **ભેંસ/ઝિબ્રા/ગેંડાના** શરીર પર પટ્ટા હોય  છે.

7 ચામડી પર ટપકાં હોય તેવું પ્રાણી **ભેંસ/દિપડો/ગધેડું** છે.

8 પર્ણો જેવા કાન ધરાવતું પ્રાણી **મગર/હરણ/હાથી**  છે.

## સાચા જવાબ ફરતે ◯ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 બચ્ચાને જન્મ આપતા પ્રાણીઓ : ગાય, સાપ, મગર, હરણ, અજગર

2 ઇંડા મૂકતા પ્રાણીઓ : મગર, શિયાળ, કાચિંડો, સિંહ, સસલું

3 કાન દેખાતા ન હોય તેવા  પ્રાણીઓ : હાથી, વાંદરો, મગર, બિલાડી, સાપ

4 કાન  દેખાય તેવા પ્રાણીઓ : સમડી, ઉંટ, ગરોળી, સસલું, મગર

5 ચામડી પર પટ્ટા ધરાવતા પ્રાણીઓ : ગેંડો, ઝિબ્રા, બળદ, વાઘ, દિપડો

# ટૂંક જવાબી પ્રશ્નો

## પ્રશ્નોના  જવાબ એક વાક્યમાં આપો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 પ્રાણીઓના શરીરની ચામડીની ભાત શાના કારણે હોય  છે?

2 એવા પ્રાણીનું નામ જણાવો જે જમીન પર અને પાણીમાં રહેતું હોય અને કાન દેખાતા ન હોય?

3 કયા પ્રાણીના કાન પંખા જેવા હોય છે?

4 કયા પ્રાણીના કાન પાંદડા જેવા હોય છે?

5 કયું પ્રાણી પોતાના કાનને જુદી જુદી દિશામાં ફેરવી શકે છે?

# ટૂંક જવાબી પ્રશ્નો

## બે ત્રણ વાકયમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. પ્રાણીઓને તેમના કાન કઇ રીતે ઉપયોગી છે?
2. હાલ મોર શા માટે આપણા ઘર આંગણે ઓછા જોવા મળે છે?
3. પક્ષીઓ કેવી રીતે સાંભળે છે?
4. પ્રાણીઓના સંરક્ષણ માટે આપણે શું કરવું જોઇએ?

5. જેના કાન માથાની ટોચ પર હોય તેવાં પ્રાણીઓનાં નામ લખો.

6.જેના કાન તેમના માથાની બન્ને બાજુએ હોય તેવા પ્રાણીઓના નામ લખો.

## ઉદાહરણ મુજબ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

કબૂતર : તે ઇંડા મૂકે છે,તે અવાવરુ જગ્યાએ માળો બાંધે છે.

(1) સુગરી

(2) ચકલી

(3) મોર

(4) સાપ

(5) હાથી

(6) ગાય

## વર્ણનાત્મક પ્રશ્નો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. તમારા પરિસરમાં જોવા મળતા બે એવા પ્રાણીઓ જણાવો – એક જે ઇંડા મૂકે છે અને બીજું જે બચ્ચાને જન્મ આપે છે. બંને વચ્ચેના તફાવત વિશે લખો.(HOT)
2. ઘણા પ્રાણીઓની સહાયથી આપણે જીવન વધુ સરળ બનાવી શકીએ છીએ. કોઈ એવા બે પ્રાણીઓનો ઉલ્લેખ કરો જે લોકોને પોતાની ઈન્દ્રિયો કે અવાજથી મદદ કરે છે. તેઓ કેવી રીતે ઉપયોગી છે તે સમજાવો. (HOT)

**C-4.1 પોતાના સ્થાનિક પર્યાવરણમાં વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓ વચ્ચે રહેલ વિવિધતા (આકાર, અવાજ, ખોરાકની ટેવો,વૃધ્ધિ, રહેઠાણ વગેરે)નું અવલોકન અને તેનું વર્ણન કરે છે.**

**C-4.5 વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓની જરૂરીયાતો(ખોરાક, પાણી, રહેઠાણ, કાળજી)ને ઓળખે તથા તેમને કેવી રીતે સહાય કરી શકાય તે સમજી શકે છે.**

**EV408 –<u>અવલોકનક્ષમ લક્ષણોના આધારે પ્રાણી,પક્ષી,વનસ્પતિ,સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. (જેમ કે</u> દેખાવ,<u>કાન</u>,<u>વાળ</u>, ચાંચ/દાંત, <u>ચામડી અને શરીરની સપાટી )પ્રાણી (પાલતું,જંગલી)</u> વનસ્પતિ (ફળ,શાક,કઠોળતેજાના અને ખોરાકનો જીવનકાળ / ટકાઉપણું ) ઉપયોગ ( ખાધ્ય ,ઔષધિય , સુશોભન , અન્ય અને પુન: ઉપયોગ) લાક્ષણિકતાઓ ( ગંધ,સ્વાદ,ગમો-અણગમો વગેરે)**

# હેતુલક્ષી પ્રશ્નો

## યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) આમાંથી કઈ સૂચિમાં ફક્ત એવા પ્રાણીઓ છે જેના શરીરમાં હાડકાં છે?

(A ) ઘોડો, ઘેટું, કાગડો (B) કરોળીયા, ગોકળગાય, ગધેડું

(C) માખી, કીડી, ઊંટ (D) ભેંસ,વંદો, બકરી

(2) કૂતરા, બિલાડીઓ, ગાય અને હાથી ઘણી રીતે એકસરખા છે. તેમાંથી એક એ છે કે.....................

(A) તે ચાર પગવાળા જંતુઓ છે. (B) તે ચાર પગવાળા પ્રાણીઓ છે.

(C) તે પાણીમાં રહેતા પ્રાણીઓ છે. (D) તે ઉડી શકે તેવા પ્રાણીઓ છે.

(3) કયા પ્રાણીના કાન દેખાતા નથી પણ તે સાંભળી શકે છે?(HOT)

(A) સાપ (B) ઘોડો (C) કૂતરો (D) વાંદરું

(4) કયું વિધાન સાચું નથી? (HOT)

(A) જે પ્રાણીઓના કાન જોઈ શકાય છે, તે બચ્ચાંને જન્મ આપે છે.

(B) જે પ્રાણીઓના કાન જોઈ શકાતા નથી, તે ઈંડા મૂકે છે.

(C) જે પ્રાણીઓના શરીર પર વાળ હોય છે, તે બચ્ચાંને જન્મ આપે છે.

(D) જે પ્રાણીઓના શરીર પર પીંછા હોય છે, તે બચ્ચાંને જન્મ આપે છે.

## મને ઓળખો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 હું પ્રાણી છું, મારે પાંખો છે, આકાશમાં ઊડી શકું છું અને બચ્ચાને જન્મ આપું છું.

2 મારુ કદ મોટું છે અને લાંબી સૂંઢ તથા મોટા કાન છે.

3 રંગ મારો કાળો, માથે છે શિંગડાં, દુધ હું આપું છું.

4 હું જળચર પ્રાણી છું, પાણીમાં રહી જીવજંતુ ખાઉં છુ, પાણી બહાર નીકળું તો મરી જાઉં છું.

5 મારો રંગ કાળો અને હું મીઠું બોલું છું.

6 રંગ મારો સફેદ છે મારી ચામડી પરના વાળનો ઉપયોગ ગરમ કપડાં બનાવવા થાય છે.

7 હું મારા રંગબેરંગી પીંછાં અને કળાને લીધે જાણીતો છું.

8 હું લીલા રંગનો અને મને મરચા બહુ ભાવે છે.

9 હું સફેદ રંગનું, કાન મારા ઊંચા છે, સ્વભાવે હું બીકણ છું.

10 મારે ચાંચ છે, હું રાખોડી રંગનું છું, હું શાંતિદૂત છું.

11 મારી ચામડી પર ટપકાં છે અને માણસની જેમ રડું છું.

12 મારી ડોક સૌથી લાંબી છે, પરંતું કાન સાવ ટૂંકા છે.

## જોડકાં જોડો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

| A | B |
|---|---|
| 1 કાન દેખાતા હોય અને પાંખો હોય તેવું પ્રાણી | (A) બગલો |
| 2 મોટા કાનવાળું પ્રાણી | (B) ચામાચીડિયું |
| 3 પાલતું પ્રાણી | (C) ગાય |
| 4 કાન જોઇ ન શકાતા હોય તેવું પ્રાણી | (D) હાથી |

(A) 1-a, 2-c, 3-d, 4-b (B) 1-b, 2-a, 3-d, 4-c

(C) 1-b, 2-d, 3-c, 4-a (D) 1-a, 2-c, 3-d, 4-b

## વર્ગીકરણ કરો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) હાથી, મોર, મગર, ઉંદર, સાપ, મરઘી, વાઘ, ગધેડું, ઘોડો, દેડકાં

| બચ્ચાને જન્મ આપતાં પ્રાણીઓ | ઈંડાં મૂકતાં પ્રાણીઓ |
|---|---|
| | |

(2) હાથી, મગર, રીંછ, સિંહ, ચિમ્પાંઝી, સાપ, મોર, માછલી, જિરાફ, કીડી

| કાન બહાર દેખાતા હોય તેવા પ્રાણીઓ | કાન બહાર દેખાતા ન હોય તેવા પ્રાણીઓ |
|---|---|
| | |

(3) બકરી, મગર, હાથી, સાપ, ઉંદર, મોર, ઉંટ, મરઘી, ગરોળી, ભૂંડ

| શરીર પર વાળ હોય તેવા પ્રાણીઓ | શરીર પર વાળ ન હોય તેવા પ્રાણીઓ |
|---|---|
| | |

**શબ્દ ચોરસમાંથી કાન દેખાતા હોય તેવા પ્રાણીઓ અને કાન દેખાતા ન હોય તેવાં પ્રાણીઓનાં નામ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગા | ચ | ડા | ઝા | ળી | ટ | પો | પ |
| હા | બી | ગ | ગ | કા | ળિ | યા | ર |
| રી | જે | ધે | ર | વા | ગા | ગ | યું |
| ટીં | ગા | ડું | ચ | ક | રી | ઝી | બુ |
| ટો | ખ | લ | ટા | ઝ | સા | પ | લ |
| ડી | ય | યા | રી | પા | બ | ટીં | બુ |
| ભું | કા | જ્ઞ | ઠુ | ગેં | ર | યે | લ |
| બ | બ | ક | રી | ડો | ખુ | ઝ | ચ |
| ખિ | ર | પે | લો | હું | લે | ટં | તી |
| ડે | વા | ફ | મા | બી | દે | ડ | કો |

| કાન દેખાતાં હોય તેવા પ્રાણીઓ | કાન ન દેખાતાં હોય તેવાં પ્રાણીઓ |
|---|---|
| | |

**શબ્દ ચોરસમાંથી શરીર પર વાળ હોય  તેવાં પ્રાણીઓ અને પીંછા હોય તેવાં પ્રાણીઓનાં નામ લખો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ખા | વે | ટી | પા | ન | ના | ઝ | વે |
| રીં | છ | મુ | ગ | રૂ | ડ | ર | લ |
| ગ | ટા | સ | ફિ | જ | ઝું | ખ | પ |
| યા | ગ | મ | મા | મ | પ | પા | કૂ |
| લ | ગા | ડી | નો | ળિ | યો | ચ | ક |
| છ | ફ | ગિ | બ | હી | કૂ | ન | ડો |
| ભૂં | ઘ | હા | ટા | બુ | લ | બુ | લ |
| ડ | લ | દ | વાં | પા | ખા | બ | ટ |
| જ | ઝ | ડ | દ | ર | જી | ડો | ખા |
| ચિ | વું | ના | રો | લ | બી | યા | રા |

| વાળ હોય તેવા પ્રાણીઓ | પીંછા હોય તેવા પ્રાણીઓ |
|---|---|
| | |

## આડી ઉભી ચાવી. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | 4 | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| 5 | 6 | | 7 | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| 8 | | 9 | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| 1. કેશવાળી હોય તેવું પ્રાણી (2) | 2 . માથે શીંગડા હોય તેવું પ્રાણી (3) |
| 3. કાન દેખાતાં હોય તેવું પાંખવાળું પ્રાણી(5) | 4.ગણ ગણ અવાજ કરતું પ્રાણી (2) |
| 5. તે ઈંડા મુકે છે.(3) | 6. કાનના સ્થાને મીંડા હોય તેવુ પ્રાણી (3) |
| 7. ચામડી પર વાળ હોય તેવું પ્રાણી (3) | 7. ચામડી પર પીંછા હોય તેવું પ્રાણી (3) |
| 8. બચ્ચાને જન્મ આપતું પ્રાણી(4) | 9.બીજાના માળામાં ઈંડા મુકતું પ્રાણી (3) |

# ટૂંક જવાબી પ્રશ્નો.

## એક વાક્યમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. કાન દેખાતા હોય તેવાં કાળા  રંગના બે પ્રાણીનાં નામ લખો.

2. બચ્ચાને જન્મ આપતાં હોય તેવાં સફેદ રંગનાં  બે પ્રાણીનાં નામ લખો.

3.ઈંડાં મૂકતાં બે  બે પક્ષીનાં  નામ લખો.

4. ઘર આંગણે જોવા મળતાં બે પક્ષીઓનાં નામ લખો.

5. કાન ન દેખાતા હોય તેવાં બે પ્રાણીઓનાં નામ લખો.

# ટૂંક જવાબી પ્રશ્નો

## ટૂંકમાં  જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. લીસી ચામડી ધરાવતા પ્રાણીઓનાં નામ લખો.

2. ખરબચડી ચામડી ધરાવતાં પ્રાણીઓનાં નામ લખો.

3. તમે ઘરે પાલતુ પ્રાણીઓની સંભાળ કઇ  રીતે રાખશો ?

4. કયા કયા પ્રાણીઓની ચામડી એક કરતાં વધારે રંગની હોય છે ?

5. પ્રાણીઓના શરીર પર વાળ શા માટે જરૂરી છે ?

6 . કયા કયા પ્રાણીઓના શરીર ઉપર ઘાટા વાળ હોય છે ?

# નિબંધ પ્રકારના પ્રશ્નો

## પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1.બચ્ચાને જન્મ આપતાં પ્રાણીઓના લક્ષણો  લખો.

2.તમને ગમતા પ્રાણીના કાન અને ચામડી વિશે લખો.

## વર્ણનાત્મક પ્રશ્નો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1. શું દરેક પ્રાણીના કાન જોવા મળે છે? કેટલાક પ્રાણીઓમાં કાન દેખાતા નથી તો તેમ છતાં તેઓ સાંભળી શકે છે – કેમ? ઉદાહરણ સાથે સમજાવો.(HOT)
2. પંખીઓના શરીર પર પાંખો હોય છે જ્યારે સસ્તન પ્રાણીઓના શરીર પર વાળ હોય છે – તમારા મતે શા માટે આ રીતે ભિન્નતા હોય શકે? (HOT)
3. જેમ પ્રાણીનાં કાન, વાળ, પાંખ વગેરેમાં ભિન્નતા હોય છે તેમ મનુષ્યોના શરીરમાં પણ એવી જ કોઇ ભિન્નતાઓ હોઈ શકે? તમારું મત વ્યક્ત કરો અને ઉદાહરણ આપો. (HOT)

**C-1.1 પોતાની આસપાસના પર્યાવરણના નૈસર્ગિક (જંતુઓ, છોડ, પક્ષીઓ, પ્રાણીઓ, ભૌગોલિક લાક્ષણીકતાઓ, સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, નૈસર્ગિક, સંસાધનો) અને સામાજિક (મકાનો,સબંધો) ઘટકોનું અવલોકન ઓળખે.**

**C-1.2 કુટુંબ અને સમુદાયમાં સંબંધો(જેવાંકે,માણસો/પ્રાણીઓ/પ્રકૃતિ વચ્ચેના) તથા સામાજિક પરંપરાઓ (જેવી કે કલા સ્વરૂપો,ઉજવણીઓ,તહેવારો)નું વર્ણન કરે છે.**

**C-1.5 વર્ગખંડનીપ્રક્રિયાઓમાં પ્રદર્શન અથવા ઉપયોગ માટે પોતાની જાતે સદી વસ્તુઓ (કુટુંબ, વૃક્ષ, પરબિડીયું, ઓરીગામી પ્રાણીઓ)બનાવવા માટે સ્થાનિક સામગ્રીનો ઉપયોગ ક્રે છે.**

**EV404-મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (જેમ કે કીડી, માખી,હાથી વગેરે) અને માળો બાંધતાં પક્ષીઓનાં વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવ કુટુંબમાં થતાફેરફારોને સમજાવે છે.**

## હેતુલક્ષી પ્રશ્નો

### આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. ભવ્યના પિતા કયું પાલતું પ્રાણી લાવ્યા હશે જે તબેલામાં રહે છે?

(A) કૂતરો (B) હાથી (C) ઘોડો (D) બિલાડી

2. જંગલમાં રહેતું કયું પ્રાણી ટોળામાં રહેતું નથી?

(A) હાથી (B) હરણ (C) સિંહ (D) ઝિબ્રા

3. કયું પ્રાણી આપણા ઘરમાં ઘર બનાવીને રહે છે?

(A) ભમરી (B) બિલાડી (C) ઈયળ (D) કૂતરો

4 . જંગલમાં રહેતું તથા પાળી શકાય તેવું પ્રાણી કયું છે?

(A) શિયાળ (B) સસલું (C) વરુ (D) અજગર

5. અમે મધપૂડામાં રહીએ છીએ .

(A) પતંગિયું (B) મધમાખી (C) વંદો (D) મંકોડા

6. હાથીના ઝૂંડમાં કયા સભ્યો વધુ જોવા મળે છે?(HOT)

(A) પુખ્ત નર હાથી (B) પુખ્ત માદા હાથી અને બચ્ચાં

(C) માત્ર નર હાથી (D) માત્ર માદા હાથી

જવાબ: (B) પુખ્ત માદા હાથી અને બચ્ચાં

7. જો કોઈ હાથીના ઝૂંડને નવું સ્થાન શોધવું હોય, તો નિર્ણય કોણ લેશે? (HOT)

(A) સૌથી નાનો હાથી (B) સૌથી મોટો નર હાથી

(C) સૌથી મોટી માદા હાથીણી (D) ઝૂંડના બધા જ સભ્યો ભેગા મળીને

8. હાથીના બચ્ચાં કયા કારણોસર ઝૂંડમાં રહેવાનું પસંદ કરે છે? (HOT)

(A) કારણ કે ઝૂંડમાં વધુ ખાવા મળે છે.

(B) કારણ કે ઝૂંડમાં તેઓ વધુ સુરક્ષિત રહે છે.

(C) કારણ કે ઝૂંડમાં તેમને રમવા મળે છે.

(D) કારણ કે ઝૂંડમાં તેઓને ઝડપથી દોડવા મળે છે.

9. નંદુ નાનો હાથી છે. તેને એક દિવસમાં કેટલા પાંદડા અને ડાળીઓ ખાવા મળે છે? (HOT)

(A) 50 કિલોગ્રામ (B) 200 કિલોગ્રામ (C) 100 કિલોગ્રામ (D) 20 કિલોગ્રામ

10. હાથીના કાન મોટા હોય છે. આ કાન તેમને કઈ રીતે મદદ કરે છે? (HOT)

(A) માત્ર સાંભળવા માટે (B) સાંભળવા અને શરીરને ઠંડુ રાખવા માટે

(C) શિકારથી બચવા (D) ખોરાક શોધવા માટે

## ખાલી જગ્યા પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1)_________બચ્ચાને છાતી પર રાખી સંભાળ લેતું પ્રાણી છે.

(વાંદરો, કાંગારુ, હરણ)

(2)_________નું વજન હાથી કરતાં ઓછું અને વાંદરા કરતાં વધુ છે.

(સસલું, ઘોડો, કાચબો)

(3)_________મધ એકઠું કરવાનું કાર્ય કરે છે.

(રાણી મધમાખી, કામદાર મધમાખી, માખી)

(4)_________ઝાડની ટોચ પર રહેતું, પાન ખાતુ તથા કૂદકા મારતું પ્રાણી છે.

(ઈયળ, વાંદરો, કરોળિયો)

(5) હાથી_________નો ઉપયોગ શરીર ઠંડુ રાખવા કરે છે. (પગ, દાંત, કાન)

## આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) ઉંદર ટોળામાં રહેતું પ્રાણી છે.

(2) કીડી રોટલીના ટુકડાને સમૂહમાં ખેંચી દર સુધી લઇ જાય છે.

(3) ટોળા કરતા એકલા રહેવામાં ફાયદો થાય છે.

(4) શિયાળ જૂથમાં રહેતું પ્રાણી છે.

(5) હાથીઓ બહુ આરામ કરતા હોય છે.

(6) હાથીઓને કાદવમાં જવું ગમતું નથી.

(7) હાથીઓના ટોળાનો પ્રમુખ યુવાન હાથી હોય છે.

(8) હાથી શરીર ઠંડુ રાખવા કાન હલાવે છે.

(9) હાથી ચૌદ પંદર વર્ષ ટોળામાં રહે છે.

(10) માતાની માતાને નાની કહેવાય છે.

## જોડકા-જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

| A | B |
|---|---|
| 1) હાથી | A) ફૂલમાંથી રસ એકઠો કરે છે. |
| 2) મધમાખી | B) સૌથી ઘરડા હોય તે ટોળાની આગેવાની કરે છે. |
| 3) સિપાઈ કીડી | C) ઘરની ચોકી કરવા ઉપયોગી પ્રાણી |
| 4) કાગડો | D) દરની રખેવાળી કરે છે. |
| 5) કૂતરો | E) સફાઈનું કાર્ય કરે છે. |

## જોડકા જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

| | |
|---|---|
| 1) કાકા-બાપાના ભાઈઓ | A) ઊંટ |
| 2) પ્રાણીઓનો સમૂહ | B) હાથી |
| 3) ઉડી શકતું પ્રાણી | C) ટોળું |
| 4) ભાર ખેંચવા માટે ઉપયોગી પ્રાણી | D) પિતરાઈ |
| 5) પંખા જેવા કાનવાળું પ્રાણી | E) ચામાચીડિયું |

### વર્ગીકરણ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(ગાય, ઘોડો, બળદ, હાથી, ઊંટ, સસલું, હરણ, બિલાડી, કૂતરો, પોપટ, કૂકડો, મોર, વાઘ, ઘેટું)

| ટોળામાં રહેતાં પ્રાણીઓ | ટોળામાં ન રહેતાં પ્રાણીઓ |
|---|---|
| | |

## ટૂંક જવાબી પ્રશ્નો

### એક-બે શબ્દમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. માતાના ભાઈ - મામા
2. માતાના પિતા -
3. પિતાના નાનાભાઈ -
4. પિતાની બહેન -
5. માતાની બહેન -
6. હાથીના બચ્ચાને -
7. હાથીઓનો એક દિવસનો ખોરાક -
8. પ્રાણીઓના સમૂહને કહેવાય -
9. હાથીઓના ટોળાનો પ્રમુખ -
10. હાથીઓના શરીરને ઠંડુ રાખવા ઉપયોગી -

### નીચે આપેલ કોષ્ટકને આધારે સમૂહમાં રહેતાં પ્રાણીઓ તથા સમૂહમાં ન રહેતાં પ્રાણીઓનાં નામ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

| સમૂહમાં રહેતાં પ્રાણીઓ |
|---|
| |
| |
| |
| |
| |
| |
| |
| |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| બિ | લા | ડી | હા | થી | દી | પ | ડો |
| કુ | ત | રો | કા | ગ | ડો | ઘો | કો |
| અ | જ | ગ | ર | હ | ર | ણ | મં |
| મ | પ | તં | ગિ | યું | ઊં | કી | ન |
| ધ | કા | ચ | બો | સ | ટ | ડી | પ |
| મા | ણ | સ | ક | ગ | ઉ | ધ | ઈ |
| ખી | સ | કો | લી | ઘો | ગ | રો | ળી |
| વા | સ | ય | સા | ડુ | ર | દ | જ |
| ઘ | લું | લ | પ | ન | પ | વાં | બા |

| સમૂહમાં ન રહેતાં પ્રાણીઓ |
|---|
| |
| |
| |
| |
| |
| |
| |
| |

## એક વાક્યમાં જવાબ. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1) તમારે ભારે સામાન હેરફેર કરવો છે તો કયા પ્રાણીનો ઉપયોગ કરશો?

2) જૂથમાં રહેતાં ન હોય તેવાં પ્રાણી કયા છે?

3) સમૂહમાં રહી ચીજવસ્તુઓ કોતરી ખાનાર પ્રાણી કયું છે?

4) ઝાડ પર રહેતાં તથા કૂદકા મારતાં પ્રાણીઓનાં નામ જણાવો

5) તમારા કરતાં વધુ વજન ધરાવતાં બે પ્રાણીનાં નામ આપો

6) એવાં ત્રણ પ્રાણીઓ જણાવો જેનું ભેગું વજન કરતાં ઘોડાના વજન
 કરતાં ઓછું થતું હોય?

7) કયાં કયાં પ્રાણીઓનો એક દિવસનો ખોરાક હાથીના ખોરાક કરતાં આછો થશે ?

8) હાથી અને તમારા ઊંઘવાના સમયમાં શું તફાવત છે?

9) અંદાજ લગાવો એક પુખ્ત હાથીનું વજન કયાં બે પ્રાણીઓ જેટલું હોઈ શકે?

## વાક્ય પૂર્ણ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

આપેલી પરિસ્થિતિમાં તમે શું કરશો?

1.કોઈ પ્રાણી પર સવારી દરમ્યાન.............

2.મધમાખી ડંખ મારે તો.............

3.જંગલમાં મુસાફરી કરવાની થાય ત્યારે...............

4.અજાણ્યા સ્થળે એકલા જવાના સમયે..............

5.પ્રાણીઓ પાસે કામ લેતા સમયે...................

# ટૂંક જવાબી પ્રશ્નો

## બે ત્રણ વાક્યમાં જવાબ.(દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1) જેના પર સવારી કરી શકાય તેવાં પાંચ પ્રાણીઓનાં નામ જણાવો.

2) જૂથમાં રહેતાં પ્રાણીઓનાં નામ લખો.

3) તમને એકલા રહેવું ગમે કે જૂથમાં? શા માટે?

4) ભાર ખેંચવા કે વજન ઊંચકવામાં ઉપયોગી પ્રાણીઓ જણાવો.

5) એકલા રહેવાથી શું શું તકલીફો પડે છે?

7) સાપ આપણને કઈ કઈ રીતે ઉપયોગી છે?

8) જૂથ કે સમૂહમાં રહેવાથી થતા ફાયદા જણાવો.

**પ્રાણીઓની સામે તેનું રહેઠાણ જણાવી તે સમૂહમાં રહે છે કે એકલું તે લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)**

| પ્રાણી | રહેઠાણ | વાક્ય |
|---|---|---|
| કીડી | દર | કીડી સમૂહમાં રહે છે. |
| ઘોડો | | |
| કબુતર | | |
| સાપ | | |
| માણસ | | |
| મધમાખી | | |
| માછલી | | |
| સિંહ | | |

**એક વાક્યમાં પરિચય આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)**

1. કીડી
2. ચામાચીડિયું
3. વંદો
4. કાગડો

**ઉદાહરણ મુજબ જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)**

ઉદા. કાકા એટલે -પિતાના નાના ભાઈ

1. મામા એટલે-

2. ફોઈ એટલે-

3. નાની એટલે-

4. માસી એટલે-

5. મામી એટલે-

# નિબંધ પ્રકારના પ્રશ્નો.

## વિસ્તૃત પ્રશ્નો લખો.(દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1) હાથીને સમૂહમાં રહેવાથી શું ફાયદો થાય?

2) 200 kg ના નંદુને ત્રાજવામાં ઊંચો કરી દેવો હોય તો 25 kg વજન ધરાવતા કેટલા બાળકોની જરૂર પડશે?

3) તમારી નાની તમને લાડુથી તોલવા માંગે છે તો, આપેલી સામગ્રી કેટલા પ્રમાણમાં લઈએ તો તમારા જેટલું વજન થશે?

1. 2 kg ગોળના કેટલા રવા?
2. 5 kg ઘઉંના લોટના કેટલા પેકેટ?
3. 1 kg ઘીના કેટલા ડબ્બા?
4. કાજુ, બદામ, ખસખસ 500 ગ્રામના કેટલા પેકેટ?

4) તમારે કોઈ કારણસર એકલા રહેવાનું થાય તો કેવો અનુભવ થશે?

5) હાથી પોતાના ટોળાથી વિખૂટો પડી જાય તો કેવો અનુભવ થશે?

## વર્ણનાત્મક પ્રશ્નો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. હાથીના ઝૂંડમાં કોણ નેતા હોય છે? કલ્પના કરો કે જો ઝૂંડમાં કોઈ નેતા ન હોય તો શું થાય? ઝૂંડને કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે? સમજાવો.(HOT)
2. નંદુ નાનો હાથી છે અને તે તેના ઝૂંડ સાથે રહે છે. જો નંદુ તેના પરિવારથી છૂટો પડી જાય તો તેને કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે? તેને ફરીથી તેના પરિવાર સાથે મળવા માટે તમે કઈ રીતે મદદ કરી શકો? (HOT)
3. હાથીઓ ઝૂંડમાં રહે છે અને એકબીજાને મદદ કરે છે. માણસો પણ સમાજમાં રહે છે અને એકબીજાને મદદ કરે છે. આ બંને પ્રકારના સમૂહ જીવનમાં શું સમાનતા અને શું તફાવત છે? (HOT)
4. તમે કોઈ એવા પ્રાણીને જાણો છો જે પોતાની જૂથમાં નિયમોનું પાલન કરે છે? તેની કામગીરી અને વ્યવસ્થા વિશે લખો.
   (HOT)
5. જો તમે નંદુના જૂથના નેતા હોવ, તો જૂથનું જીવન વધુ સારું થાય તે માટે શું નિર્ણયો લેશો?તમારા બે નિર્ણયોનું વર્ણન કરો અને સમજાવો કે તે જૂથની ઉપયોગીતામાં કેવી રીતે વધારો કરશે. (HOT)

C-4.1 પોતાના સ્થાનિક પર્યાવરણ વનસ્પતિ,પક્ષીઓ અને પ્રાણીઓ વચ્ચે રહેલ વિવિધતા (આકાર,અવાજ,ખોરાકની ટેવો,વૃદ્ધિ,રહેઠાણ વગેરે) નું અવલોકન અને તેનું વર્ણન કરે છે.

C-4.5 વનસ્પતિ,પક્ષીઓ અને પ્રાણીઓની જરૂરિયાતો (ખોરાક,પાણી,રહેઠાણ,કાળજી)ને ઓળખે તથા તેમને કેવી રીતે સહાય કરી શકાય તે સમજી શકે છે.

C-6.1 સ્વતંત્ર રીતે અથવા જૂથોમાં ચોક્કસ પ્રશ્નો સંબંધિત સરળ પૃચ્છા કરે છે.

EV413- સ્થાનિક અને બિનઉપયોગી વસ્તુઓના ઉપયોગથી કોલાઝ,ડીઝાઇન,મોડેલ્સ, રંગોળી, પોસ્ટર્સ, આલ્બમ અને સદા નકશા ( શાળા તથા આસપાસના વિસ્તારના) બનાવે છે.

## નીચેની પ્રવૃત્તિ કરાવીને ક્રિયાત્મક મૂલ્યાંકન કરો.(3 ગુણ)

1. કાગળમાંથી દેડકો બનાવો.
2. કાગળમાંથી હોળી બનાવો.
3. કાગળમાંથી પંખી બનાવો.
4. કાગળમાંથી વિમાન બનાવો.
5. કાગળમાંથી ફરકડી બનાવો.

**C-1.1 પોતાની આસપાસના પર્યાવરણના નૈસર્ગિક (જંતુઓ, છોડ, પક્ષીઓ, પ્રાણીઓ, ભૌગોલિક લાક્ષણિકતાઓ, સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, નૈસર્ગિક સંસાધનો) અને સામાજિક (મકાનો, સંબંધો) ઘટકોનું અવલોકન કરે અને ઓળખે.**

**C-3.1 માનવ, પ્રાણી અને પક્ષીઓની પ્રાથમિક સુરક્ષા અને સંરક્ષણ (સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, ખોરાક-પાણી, રહેઠાણ, સાવચેતી, આકસ્મિક પરિસ્થિતિ અંગે જાગૃતતા, અયોગ્ય વર્તન તેમજ અસલામત પરિસ્થિતિ) નું વર્ણન કરે છે.**

**C-3.3 સરળ શીર્ષક (Labels) અને સૂત્રો વિકસાવે છે તેમજ 'સ્થાનિક પર્યાવરણમાં સલામતી અને સંરક્ષણ' અંગેના શાળા અને મહોલ્લામાં ભજવાતાં નાટકમાં ભાગ લે છે.**

**EV401- આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ, ફૂલ અને ફળોનાં લક્ષણોને સાદા ઓળખે છે. (જેમ કે આકાર, રંગ, ચુગંધ, તે ક્યાં ઊગે છે તેમજ અન્ય બાબતો વગેરે.)**

# હેતુલક્ષી પ્રશ્નો

## આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 “વૃક્ષો છે તો જ આપણે છીએ.” આ વાક્યનો અર્થ શું થશે ?

A. આપણે વૃક્ષો ન બચાવીએ પણ વૃક્ષો આપણને બચાવશે.

B. વૃક્ષો વિના આપણું જીવન શક્ય નથી.

C. વૃક્ષો એમની જગ્યાએ છે, આપણે આપણી જગ્યાએ.

D. વૃક્ષો ઉપયોગ કરવા માટે હોવાથી કાપવામાં વાંધો નથી.

2 “આપણે વૃક્ષ જેવા બનીએ” – એટલે શું ?

A. વૃક્ષની જેમ હલનચલન કરવાનું ચાલુ કરીએ.

B. વૃક્ષની જેમ ચૂપચાપ ઉભા રહીએ.

C. વૃક્ષોની જેમ ફળો આપવા નીકળીએ.

D. વૃક્ષની જેમ બીજાને ઉપયોગી થવાનું શીખીએ.

3 એક ફળિયામાં પક્ષીઓનો  કલરવ સંભળાતો નથી, કારણ શું હશે?

A. લોકો પક્ષીઓને  આવતાં  અટકાવતા હશે.

B. લોકોને પક્ષીઓ ગમતાં  નહિ હોય.

C. ત્યાં વૃક્ષો જ નહિ હોય જેથી પક્ષીઓ આવતાં  નહિ હોય.

D. પક્ષીઓને  ત્યાં કલરવ કરવાનું ગમતું નહિ હોય.

4  એક માણસ હાથમાં કુહાડી લઈને વૃક્ષ પાસે જાય છે – તે શું કરવા ઇચ્છતો હશે?

A. ફક્ત વૃક્ષ ઉપર  બેસવા માંગતો હશે.

B. વૃક્ષનાં  ફળ લેવા આવ્યો હશે.

C. વૃક્ષની આસપાસની જમીન સરખી કરવા આવ્યો હશે.

D. વૃક્ષ કાપવા આવ્યો હશે.

5 રાજસ્થાનમાં એક ગામનું નામ ખેજડી છે, આ નામ શાના આધારે પડયું હશે ?

A. ખેજડી નામનાં વૃક્ષો ઉપરથી.

B. ખેજડી નામની સ્ત્રી ઉપરથી.

C. ખેજડી કોઈ ઉત્સવનું નામ હશે તેના પરથી.

D. લોકોને ખેજડી નામ ગમતું હશે.

6 ખેજડી ગામના લોકો વૃક્ષો વિશે શું માનતા હશે ?

A. વૃક્ષો આપણા દેવ છે.

B. વૃક્ષો આપણું જીવન છે.

C. વૃક્ષો માતા- પિતા સમાન છે.

D. વૃક્ષો બિનજરૂરી છે.

7 આપણે ઝાડ કેમ વાવીએ છીએ?

A. ઔષધી મળે તે માટે.

B. ઝાડ મોટા થાય એટલે એ લાકડાંનો ઉપયોગ ફર્નિચર બનાવવા.

C. ઝાડથી છાંયડો, ઓકસિજન, ફળો મળે છે.

D. આપેલ તમામ

8 પ્રાણીઓનો શિકાર કરીએ તો .............

A. ઇનામ મળે છે.

B. શાબાશી મળે છે.

C. સજા થઇ શકે છે.

D. પર્યાવરણને મદદરૂપ બને છે.

9 પક્ષીઓની સંખ્યા ઘટી રહી છે કારણ કે....

A. પર્યાવરણમાં ફેરફાર થયો છે.

B. પક્ષીઓને રહેઠાણ મળતાં  નથી.

C. પક્ષીઓને પૂરતો ખોરાક મળતો નથી.

D. આપેલ તમામ

10 પૃથ્વી પર એક પણ વૃક્ષ ન હોય તો........

A. ખેતી કરવા માટે વધારે જમીન ખેડૂતોને મળે.

B. મકાન બનાવવા વધુ જગ્યા મળે.

C. પૃથ્વી પરની જીવસૃષ્ટિ નાશ પામે.

D. ઓક્સિજન મળે.

11 કયા વૃક્ષના ફળ, પાંદડા, અને લાકડું બધું જ ઉપયોગી છે અને તે વધુ પાણી વગર પણ ઊગી શકે છે? (HOT)

(A) કેરીનું વૃક્ષ (B) ખેજડીનું વૃક્ષ (C) વડનું વૃક્ષ (D) લીમડાનું વૃક્ષ

10 "જો આપણે વૃક્ષો બચાવીશું નહીં, તો ભવિષ્યમાં ઘણા પ્રાણીઓ અને પક્ષીઓ પણ લુપ્ત થઈ જશે." આ વાક્યનો સૌથી સાચો અર્થ શું થાય? (HOT)

(A) વૃક્ષો માત્ર સુંદરતા માટે જ મહત્વપૂર્ણ છે.

(B) વૃક્ષો અને પ્રાણીઓ વચ્ચે કોઈ સંબંધ નથી.

(C) વૃક્ષો પ્રાણીઓ અને પક્ષીઓ માટે આહાર, આશરો અને સુરક્ષા પૂરું પાડે છે, તેથી વૃક્ષોનો નાશ એ પ્રાણીઓના નાશનું કારણ બને છે.

(D) માત્ર જંગલી પ્રાણીઓ જ વૃક્ષો પર આધાર રાખે છે.

## વિધાનો સાચાં છે કે ખોટા તે લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 વૃક્ષો આપણું જીવન છે તેની જાળવણી કરવી જોઈએ.

2 વૃક્ષો હવાને બગાડે છે.

3 આપણે પ્રાણીઓનો શિકાર કરવો જોઈએ.

4 અત્યારે બાજ, સમડી, ગીધ જેવાં પક્ષીઓની સંખ્યા વધી રહી છે.

5 પ્રાણીઓનો શિકાર કરીએ તો ઇનામ મળે છે.

6 વૃક્ષોનું લાકડું ફર્નિચર બનાવવામાં ઉપયોગી નથી.

7 આપણે પર્યાવરણનું જતન કરવું જોઈએ.

8 વૃક્ષો રણને વધારે છે.

9 પંખીઓ આંગણાની શોભા છે.

10 પર્યાવરણમાં ફેરફારને લીધે કેટલાંક પ્રાણીઓ અને પંખીઓની સંખ્યા ઘટી રહી છે.

11 વૃક્ષો કાપવાથી પર્યાવરણ પર કોઈ અસર થતી નથી.

## જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

| અ વિભાગ | બ વિભાગ |
|---|---|
| (1) ખેજડીની છાલ | A. જીવજંતુ પડતાં  નથી. |
| (2) ખેજડીનાં  ફળો | B. દવા |
| (3) ખેજડીનું લાકડું | C. રાંધીને જમે |

## વર્તન યોગ્ય છે કે અયોગ્ય તે લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 ભૂમિકા વૃક્ષોને પાણી પાય છે.

2 ખુશી આંગણામાંથી પંખીઓને ઉડાડે છે.

3 નિશા ચકલીને ચણ નાખે છે.

4 રાધા ઘાયલ પંખીને પાણી પાય છે.

5 રૂચિ આંગણામાં બેઠેલા કૂતરાને પથ્થર મારે છે.

6 મનીષભાઈ પંખીઓ માટે ગામમાં ચબૂતરો બનાવે છે.

7 નમન ગાયને ઘાસ નાખવાની જગ્યા ચોખ્ખી રાખે છે.

8 લોકો હાથીના દાંત માટે તેનો શિકાર કરે છે.

9 અશોકભાઈ આંગણામાંથી વૃક્ષોને કાપી નાખે છે.

10 શાળાનાં બાળકો વૃક્ષોનું જતન કરે છે.

## ટૂંક જવાબી પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 તમારી શાળામાં કયાં કયાં વૃક્ષો છે?

2 તમારા ઘરની આસપાસ કયા કયા વૃક્ષો છે?

3 વૃક્ષો કોને કોને ઉપયોગી છે?

4 રણમાં કયા વૃક્ષો ઊગે છે?

5 અમૃતાની હિંમતથી આપણે શું શીખી શકીએ?

6 તમે અમૃતાની જગ્યાએ હોત તો શું કરત?

7 વૃક્ષોને બચવા થયેલ એક અંદોલનનું નામ લખો?

8 પર્યાવરણના જતન માટે કોઈ એક સૂત્ર લખો?

9 ગુજરાતમાં આવેલા રણનું નામ લખો.

## ટૂંક જવાબી પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1 લોકો વૃક્ષોને શા માટે કાપતા હશે?

2 વૃક્ષોના લાકડાનો શું ઉપયોગ થાય છે?

3 કેટલાક લોકો પ્રાણીઓનો શિકાર શા માટે કરતાં હશે?

4 કેટલાંક  પંખીઓ ઓછા થવાનું  કારણ શું છે?

5 વૃક્ષો પંખી અને પ્રાણીઓને કઈ રીતે ઉપયોગી છે?

## નિબંધ પ્રકારના  પ્રશ્નો

### વિસ્તૃત જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1 વૃક્ષોની ઉપયોગિતા લખો.

2 પ્રાણીઓનો શિકાર શા માટે ન કરવો જોઈએ?

3 વૃક્ષો અને પ્રાણીઓના જતન માટે તમે શું શું કરશો?

## વર્ણનાત્મક પ્રશ્નો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1. જંગલો કપાઈ જાય તો પ્રાણીઓ પર શું અસર થાય? તમારા મતે, જંગલો ન હોત તો મનુષ્યના જીવન પર શું અસર પડી શકે છે? (HOT)
2. ખેજડી ગામના લોકો વૃક્ષો અને પ્રાણીઓનું રક્ષણ કરતા હતા. અત્યારના આધુનિક સમયમાં આપણે આપણા પર્યાવરણનું રક્ષણ કરવા માટે કયા નવા પગલાં લઈ શકીએ? (HOT)

C-4.1 પોતાના સ્થાનિક પર્યાવરણમાં વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓ વચ્ચે રહેલ વિવિધતા (આકાર, અવાજ, ખોરાકની ટેવો,વૃધ્ધિ, રહેઠાણ વગેરે)નું અવલોકન અને તેનું વર્ણન કરે છે.

C-4.4 કુદરતી સંસાધનો જેવા કે વનસ્પતિઓ, વરસાદી પાણી અને સૂક્ષ્મ ધાન્ય (Millets)ને કેવી રીતે વહેંચી શકાય, જાળવી શકાય અને તેનું સંરક્ષણ કરી શકાય તે પ્રદર્શિત કરે છે.

EV410 પોતાનાં અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલાં સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

# હેતુલક્ષી પ્રશ્નો

## આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1.અમૃતા દેવીએ વૃક્ષોને બચાવવા માટે શું કર્યું?(HOT)

(A) રાજાને વૃક્ષો ન કાપવા માટે પત્ર લખ્યો. (B) વૃક્ષને ભેટીને બચાવવા પ્રયત્ન કર્યો.

(C) વૃક્ષોને પાણી પાઈને મોટા કર્યા. (D) રાજાના માણસો સાથે યુદ્ધ કર્યું.

જવાબ: (B) વૃક્ષને ભેટીને તેનો જીવ બચાવવા પ્રયત્ન કર્યો.

2. નીચેનામાંથી કયા કારણોસર પ્રાણીઓનો શિકાર કરવામાં આવે છે? (HOT)

(A) શહેરના વિકાસ માટે (B) તે લોકોને કરડે છે.

(C) ખેતરના પાકને નુકસાન કરે છે. (D) તેની ચામડી હાડકાં, માંસ માટે

3. જો કોઈ વ્યક્તિ વન્ય પ્રાણીઓનો શિકાર કરે તો તેને કઈ સજા થઈ શકે? (HOT)

(A) તેને થોડીવાર માટે જેલમાં પૂરી દેવામાં આવે.

(B) તેને દંડ ભરવા માટે કહેવામાં આવે.

(C) તેને લાંબા સમયની જેલ અને દંડ બંને થઈ શકે છે.

(D) તેને કોઈ સજા થતી નથી.

**જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)**

| અ વિભાગ | બ વિભાગ |
| --- | --- |
| (1) વૃક્ષ | A. પર્યાવરણ માટે હાનિકારક. |
| (2) વૃક્ષોને કાપવા | B. પર્યાવરણને ફાયદો થાય. |
| (3) ઓક્સિજન | C. પાણી અને વૃક્ષો |
| (4) જીવન માટે જરૂરી | D. વૃક્ષો આપે છે. |

# ટૂંક જવાબી પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)**

1 તમારા આજુબાજુ જોવા મળતાં વૃક્ષોનાં નામ લખો.

2 તમે જોયેલાં લંબગોળ આકારનાં પાંદડાવાળા વૃક્ષનાં નામ લખો.

# નિબંધ પ્રકારના પ્રશ્નો

## વિસ્તૃત જવાબ આપો.(દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1: વૃક્ષો આપણા માટે કેટલાં જરૂરી છે? અમૃતાની વાર્તાના ઉદાહરણ સાથે લખો.

2: "વૃક્ષો છે, તો જીવન છે" - આ કહેવત સમજાવો.

3: અમૃતાની વાર્તા પરથી તમે શું શું શીખ્યા?

## વર્ણનાત્મક જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1.વૃક્ષોના રક્ષણ માટે અમૃતા અને ગામ લોકોએ આપેલા બલિદાનનું વર્ણન કરો.

2.પર્યાવરણ અને પ્રાણીઓના રક્ષણ માટે તમે કયા કયા પગલાં લેવા જોઈએ?

3. અમૃતાદેવી અને ખેજડી ગામના લોકોએ વૃક્ષો બચાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. તેમના આ કાર્ય પરથી તમને શું શીખ મળે છે? શું તમે તમારા વિસ્તારમાં વૃક્ષો બચાવવા માટે આવા જ પ્રકારનું કોઈ આંદોલન કરી શકો છો? કેવી રીતે?(HOT)
4. રાજાના માણસો વૃક્ષો કાપવા આવ્યા હતા. જો તમે તે ગામના સરપંચ હોત, તો તમે વૃક્ષોને બચાવવા માટે કયા કયા ઉપાયો અપનાવત? (HOT)

5. ખેજડી ગામના લોકો વૃક્ષો અને પ્રાણીઓનું રક્ષણ કરતા હતા. અત્યારના આધુનિક સમયમાં આપણે આપણા પર્યાવરણનું રક્ષણ કરવા માટે કયા નવા પગલાં લઈ શકીએ? (HOT)

**C-1.1 પોતાની આસપાસના પર્યાવરણના નૈસર્ગિક (જંતુઓ, છોડ, પક્ષીઓ, પ્રાણીઓ, ભૌગોલિક લાક્ષણિકતાઓ, સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, નૈસર્ગિક સંસાધનો) અને સામાજિક (મકાનો, સંબંધો) ઘટકોનું અવલોકન કરે અને ઓળખે**

**C- 1.4 સ્થાનિક સંસ્થાઓ (કુટુંબ, શાળા, બેંક/પોસ્ટ ઓફિસ, બજાર અને પંચાયત) ની કામગીરીને વિવિધ સ્વરૂપો (વાર્તા, ચિત્ર, ટેબ્યુલેટીંગ ડેટા, અહેવાલો) માં વર્ણવે છે અને તેમની ભૂમિકાઓનું વિશ્લેષણ કરે છે.**

**EV 404 – મોટાં કે નાના સમૂહમાં રહેતા પ્રાણીઓ (જેમ કે કીડી,માખી,હાથી વગેરે) અને માળો બાંધતા પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ,લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતાં ફેરફારોને સમજાવે છે.**

# હેતુલક્ષી પ્રશ્નો

## આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) એક જગ્યાએ કીડીઓ ભેગી થઈ છે, તો ત્યાં શું હોવાની સંભાવના હશે?

(A) ખાંડ (B) મીઠું (C) હળદર (D) તજ

(2) કયું પ્રાણી સમૂહમાં રહે છે ?

(1) કીડી (2) સિંહ (3) હાથી (4) કાચબો

(A) માત્ર 1 (B) 1 અને 3 (C) 1 અને 4 (D) 1 અને 2

(3) મધમાખીને વૃક્ષનું કયું અંગ ખૂબ ગમે છે?

(A) ફળ (B) થડ (C) ફૂલ ( ડ) પાન

(4) મધમાખી સિવાય કયા જંતુઓ સમૂહમાં રહે છે?

(A) પતંગિયું (B) માંકડ (C) કીડી (D) અળસિયું

(5) મધમાખી સિવાય કયાં જંતુઓ ફૂલોની આસપાસ જોવા મળે છે?

(1) પતંગિયા (2) ભમરા (3) વંદા (4) ગરોળી

(A) માત્ર 1 (B) 1 અને 2 (C) 3 અને 4 (D) માત્ર 3

(6) કઇ માખીઓ વગર મધપૂડામાં મધનો સંગ્રહ શકય નથી?

(A) રાણી માખી (B) કામદાર માખી (C) મચ્છર (D) મંકોડો

(7) મધમાખીઓનું મુખ્ય ઉત્પાદન શું છે?(HOT)

(A) દુધ (B) મધ (C) કાપડ (D) મીઠાઈ

(8) કીડીઓના વર્તનની કઈ વિશેષતા છે? (HOT)

(A) દરેક પોતાનું કામ કરે છે (B) કોઈ કંઈ કામ ન કરે

(C) ટોળામાં રહીને વ્યવસ્થિત રીતે કામ કરે (D) રમવા માટે એકઠી થાય

## વર્ગીકરણ કરો.

(કીડી,ભમરી,સિંહ,વાઘ,હાથી,સાપ)

| સમૂહમાં રહેતાં પ્રાણીઓ | સમૂહમાં ન રહેતાં પ્રાણીઓ |
|---|---|
| | |
| | |
| | |

## મને ઓળખો હું કોણ છું. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 હું ફૂલોની આસપાસ રહેતું રંગબેરંગી જીવજંતુ છુ.

2 હું મધ ભેગું કરું છું.

3 હું લાકડું કોરી ખાઉ છું.

4 મારા કાન સૂપડાં જેવા છે.

## આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 મધમાખી ડંખ મારે છે. –

2 કીડી સમૂહમાં રહેતી નથી. –

3 રાણી કીડી ઇંડા મૂકે છે. –

4 રાણી મધમાખી આખો દિવસ કામ કરે છે. –

5 કામદાર માખી મધપૂડા માટે મહત્વની નથી. –

6 સિપાહી કીડીઓ દરની રક્ષા કરે છે. –

## સાચા જવાબ ફરતે ◯ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 સમૂહમાં રહેતાં પ્રાણીઓ - કીડી, દિપડો, હાથી, ગધેડો

2 સમૂહમાં ન રહેતાં પ્રાણીઓ - ઊધઈ, સિંહ, વાઘ, ભમરી

## યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 મધમાખીઓના ઘરને____________કહે છે. (માળો, મધપૂડો, દર)

2 ____________કીડી ઇંડાં મૂકે  છે. ( સિપાહી, કામદાર, રાણી)

3 મધમાખીઓને ____________વૃક્ષનાં ફૂલો ખૂબ ગમે છે. (ગુલમહોર , લીચી , દાડમ)

## શબ્દ ચોરસમાંથી સમૂહમાં રહેતા પ્રાણીઓ શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| સિં | હા | થી | લા | ન |
| હ | વા | ઘ | ત | કી |
| ઊ | ધ | ઇ | વ | ડી |
| રા | મ | ધ | મા | ખી |
| મ | ભ | મ | રી | ચ |
| મો | ટ | ર | ગા | ડી |

1 _______________

2 _______________

3 _______________

4 _______________

5 _______________

# ટૂંક જવાબી પ્રશ્નો

## નીચે આપેલી  વન્યપેદાશની ઉપયોગિતા વિશે એક વાકય લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 મધ –

2 ગુંદર –

3 આમળાં –

4 લાખ –

5 રબર –

# ટૂંક જવાબી પ્રશ્નો

## ટૂંકમાં જવાબ લખો.

1 કયાં કયાં જીવજંતુઓ ફૂલોની આસપાસ જોવા મળે છે?

2 કયાં કયાં પ્રાણીઓ સમૂહમાં રહે છે?

3 મધમાખી ડંખ મારે ત્યારે તમે શું કરશો?

4 મધમાખી ફૂલોની આસપાસ કેમ ઊડે છે?

# નિબંધ પ્રકારના પ્રશ્નો

## વિસ્તૃત જવાબ આપો.

1 કીડી સમૂહમાં કેવી રીતે કાર્ય કરે છે?

2 મધપૂડાની માખીઓ મધ કેવી રીતે ભેગું કરે છે?

3 જૂથ કે સમૂહમાં રહેવાથી કયા કયા ફાયદાઓ થાય છે?

4 એકલા રહેવાથી શું તકલીફ પડે છે?

## વર્ણનાત્મક પ્રશ્નો

1. મધમાખીઓ અને કીડીઓ બંને ટોળામાં રહીને કામ કરે છે - તમને શું લાગે છે કે એમની વચ્ચે શું સમાનતા અને તફાવત હોઈ શકે?
2. મધમાખીઓ અને કીડીઓનું વર્તન આપણને શો સંદેશ આપે છે?આપણે એમનામાંથી કઈ બાબત શીખી શકીએ છીએ? કેવી રીતે ડીલીટ કરવું.

**C-1.5 વર્ગખંડની પ્રક્રિયાઓમાં પ્રદર્શન અથવા ઉપયોગ માટે પોતાની જાતે સાદી વસ્તુઓ (કુટુંબ, વૃક્ષ, પરબિડીયું, ઓરિગામી પ્રાણીઓ) બનાવવા માટે સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરે છે.**

**EV 405 – રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે) કૌશલ્યનું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓની ભૂમિકા)નું મહત્ત્વ વર્ણવે છે.**

# હેતુલક્ષી પ્રશ્નો

## આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.(દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 મધમાખીઓ કયા મહીનાઓમાં ઇંડા આપે છે?

(A) જાન્યુઆરી થી માર્ચ (B) એપ્રિલ થી જૂન

(C) ઓકટોબર થી ડીસેમ્બર (D) જુલાઇ થી સપ્ટેમ્બર

2 ભૂમિને મધમાખી ઉછેર કરવો છે તો તેના માટે કયા સાધનની જરૂર પડશે?

(A) પેટી (B) મોટર (C) ડોલ (D) ટેબલ

3 અનિતાએ કઈ કૃતિશીલ પ્રવૃત્તિથી પોતાનું જીવન બદલ્યું?(HOT)

(A) કૃષિ (B) પશુપાલન (C) મધમાખી ઉછેર (D) દરજી કામ

4.મધમાખી ઉછેરમાં સૌથી અગત્યની બાબત કઈ છે? (HOT)

(A) વધારે જાગરણ (B) ટેકનિક અને ધ્યાન (C) પાણીની ખેતી (D) ફળ વેચાણ

## યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 મધમાખીઓને ઉછેરીને ___________મેળવવામાં આવે છે. (રોજગારી, આનંદ, ઇનામ)

2 મધમાખી ઉછેર માટે___________ની જરૂર પડે છે. (પેટી, ખાટલા, પેન)

## ટૂંકમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1 મધનો સ્વાદ કેવો હોય છે? તે ક્યાંથી મળે છે ?

2 કયો સમય મધમાખીના ઉછેર માટે સારો ગણાય?

## વિસ્તૃત જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1 મધમાખીનો ઉછેર કેવી રીતે કરી શકાય?

2 રોજગારી મેળવવા કેવા પ્રકારનાં કામ કરી શકાય છે?

3 તમારી આસપાસની સ્ત્રીઓ કેવાં પ્રકારનાં કામ કરે છે?

# નિબંધ પ્રકારના પ્રશ્નો

## વર્ણનાત્મક પ્રશ્નો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1. અનિતાએ પરંપરાગત કાર્ય છોડીને મધમાખી ઉછેરવાનું પસંદ કર્યું – તમને શું લાગે છે કે એનો નિર્ણય સાચો હતો? કેમ?
2. અનિતા ખુશવાહાએ મધમાખી ઉછેરનો વ્યવસાય કરીને પોતાનું અને પોતાના પરિવારનું જીવન સુધાર્યું. જો તમને કોઈ નવો વ્યવસાય શરૂ કરવાની તક મળે, તો તમે કયો વ્યવસાય પસંદ કરશો અને શા માટે? આ વ્યવસાયમાં તમને કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે અને તમે તેને કેવી રીતે ઉકેલશો?

**C-2.3 વડીલો દ્વારા કે સ્થાનિક વાર્તાઓમાં દર્શાવેલ વ્યવસાયો, ખાદ્યટેવો, સંસાધનો, ઉત્સવોની ઉજવણી, સંદેશાવ્યવહાર વગેરેના સંદર્ભમાં વિદ્યાર્થીના અત્યારના પર્યાવરણ અને જીવન ધોરણમાં આવેલા ફેરફારોને સાંકળે છે.**

**EV 414– જોયેલી અને અનુભવેલી (શાળા/પરિવાર/પડોશની) બાબતો (જેમ કે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ / મધ્યાહ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવો, બાળ અધિકારો (જેમ કે શાળાએ જવું,**

# હેતુલક્ષી પ્રશ્નો

## યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) નીચેનામાંથી શું કરવું એ દરેક બાળકનો અધિકાર છે?

(A) તરવું (B) ભણવું (C) કમાવું (D) લડવું

(2) અનિતા જેવી સ્ત્રીઓ પર્યાવરણ અને જીવનશૈલીમાં કેવી ભૂમિકા ભજવી શકે છે? (HOT)

(A) નકારાત્મક (B) મદદ વગર રહી શકે છે

(C) પોતાની જાતે નવી દિશા આપી શકે (D) માત્ર ઘરકામ માટેજ યોગ્ય હોય

## વર્ગીકરણ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(દફતર, બંગડી, લંચબોક્સ, સ્માર્ટ વોચ, પેન્સિલ, મોબાઈલ)

| શાળામાં જરૂરી વસ્તુઓ | શાળામાં જરૂરી ન હોય તેવી વસ્તુઓ |
|---|---|
| | |
| | |
| | |

# ટૂંક જવાબી પ્રશ્નો

## આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 લડવું એ બાળકોનો અધિકાર છે.

2 ધોરણ 1 થી 8 નું શિક્ષણ વિનામૂલ્યે મેળવી શકાય છે.

3 શાળામાં મધ્યાહ્ન ભોજનની સુવિધા મળે છે.

**યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)**

1 __________ એ દરેક બાળકનો અધિકાર છે. (ભણવું, ગાવું, નાચવું)

2 મધમાખી ઉછેર માટે સરકાર __________આપે છે. (ઘર, તાલીમ, ગણવેશ)

# ટૂંક જવાબી પ્રશ્નો

## બે વાકયમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1 તમને શાળા માંથી કઇ કઇ વસ્તુઓ મળે છે?

2 શાળામાં વિદ્યાર્થીઓને પોષણ મળે તે માટે સરકાર દ્વારા કયાં પગલાં લેવામાં આવ્યા છે?

# નિબંધ પ્રકારના પ્રશ્નો

## વિસ્તૃત જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1 ધારાના કુટુંબની હાલત સારી નથી તે શાળાની ફી ભરી શકે તેમ નથી તો તેના અભ્યાસ માટે તમે તેને કેવી રીતે મદદ કરશો ?

2 શાળામાં વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન કઈ કઈ સુવિધા અને લાભો મળે છે?

3 અનિતાએ શાળાએ જવા માટે અને મધમાખી ઉછેર કરવા માટે ખૂબ મહેનત કરી. જો તમે અનિતાની જગ્યાએ હોત, તો તમે તમારી આસપાસના બાળકોને શિક્ષણ માટે કેવી રીતે પ્રોત્સાહિત કરશો?(HOT)